# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારીત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.

2) પ્રધાનમંત્રીએ ગઇકાલે તમિલનાડુના થુથુકુડીમાં 4800 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરીયોજનાઓનો લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો

3) છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ગઈકાલે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ચાર માઓવાદીઓના મોત

4) અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કંબોડિયા અને થાઈલેન્ડને સંઘર્ષનો અંત લાવવા હાકલ કરી- બને દેશના નેતાઓ યુદ્ધવિરામ પર ચર્ચા કરવા સંમત થયા

5) જર્મનીમાં ચાલી રહેલી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં, ભારતે ગઈકાલે એક સુવર્ણ અને બે રજત ચંદ્રક જીત્યા.

……………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-MANN-KI-BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 124મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત"ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વૅબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ ઍપ્લિકેશન સહિત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# PM-THOOTHUKUDI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાત્રે તમિલનાડુના થુથુકુડીમાં 4 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ્સ પ્રાદેશિક જોડાણ વધારશે, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારશે, સ્વચ્છ ઉર્જા માળખાને મજબૂત બનાવશે અને તમિલનાડુના નાગરિકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરશે. આ પ્રોજેક્ટ્સ એરપોર્ટ, હાઇવે, બંદરો, રેલ્વે અને પાવર ક્ષેત્રોને આવરી લે છે.

આ પ્રસંગે એક સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ બ્રિટન સાથે થયેલા ઐતિહાસિક મુક્ત વેપાર કરારનો ઉલ્લેખ કર્યો.

## (BYTE: PM ON VIKSIT TN)

પ્રધાનમંત્રીએ તમિલનાડુ અને થુથુકુડીના સમૃધ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને શ્રધ્ધાંજલિ આપી અને સમૃધ્ધ અને મજબૂત ભારત બનાવવા માટે પ્રદેશના કાયમી યોગદાનની નોંધ લીધી.

તમિલનાડુના માળખાગત સુવિધાઓને આધુનિક બનાવવાની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરતાં, શ્રી મોદીએ કહ્યું કે અદ્યતન ટેકનોલોજી સાથે બંદર સુવિધાઓને અપગ્રેડ કરવા માટે મોટા પગલાં લેવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ તમિલનાડુમાં 2500 કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત બે મુખ્ય રોડ પ્રોજેક્ટ લોકોને સમર્પિત કર્યા-2000 મેગાવોટના કુડનકુલમ પરમાણુ ઉર્જા પ્રોજેક્ટ સંબંધિત એક મોટા પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો.

# PM-RAJENDRA-CHOLA

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તમિલનાડુના મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલા પ્રથમની જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેશે. શ્રી મોદી ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિરમાં આદિ તિરુવતિરાય મહોત્સવમાં પણ હાજરી આપશે. પ્રધાનમંત્રી રાજેન્દ્ર ચોલા પ્રથમના માનમાં એક સ્મારક સિક્કો પણ બહાર પાડશે. આ ખાસ ઉજવણી રાજેન્દ્ર ચોલા પ્રથમના સુપ્રસિદ્ધ સમુદ્ર અભિયાનના હજાર વર્ષની ઉજવણી પણ કરે છે.**

# PM - RATING

**અમેરિકા સ્થિત ડેટા એનાલિટિક્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટ દ્વારા હાથ ધરાયેલા તાજેતરના વૈશ્વિક સર્વે અનુસાર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 75 ટકા રેટિંગ સાથે વિશ્વના સૌથી લોકપ્રિય લોકશાહી નેતા તરીકે ઉભરી આવ્યા છે.**

**4 થી 10 જુલાઈ, 2025 દરમિયાન એકત્રિત કરવામાં આવેલા આ સર્વેક્ષણમાં પ્રધાનમંત્રી મોદી તેમના વૈશ્વિક સમકક્ષો કરતાં ઘણા આગળ છે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ 59% રેટિંગ સાથે બીજા સ્થાને જ્યારે**

**આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મેઇલી 57% સાથે ત્રીજા સ્થાને છે. ઉલ્લેખનીય છે કે પ્રધાન મંત્રી મોદીએ ગઈકાલે 4 હજાર 79 દિવસનો કાર્યકાળ પૂર્ણ કર્યો અને ઇન્દિરા ગાંધીને પાછળ છોડીને ભારતના બીજા સૌથી લાંબા સમય નો કાર્યકાળ ધરાવતા પ્રધાનમંત્રી બન્યા છે.**

# PM MALDIVES OUTCOME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માલદીવની મુલાકાતને ખૂબ જ સફળ ગણાવી છે. શ્રી મોદી માલદીવની સ્વતંત્રતાની 60મી વર્ષગાંઠમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે. માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઇઝ્ઝુએ પણ શ્રી મોદીની મુલાકાતને મહત્વપૂર્ણ ગણાવી અને કહ્યું કે તે દ્વિપક્ષીય સંબંધોના ભવિષ્યને નવો આકાર આપશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મુઇઝ્ઝુએ પ્રધાનમંત્રી મોદીનો આ મુલાકાત માટે આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે ભારત માલદીવની પ્રગતિમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર બનશે.

ભારત અને માલદીવ, માછીમારી, હવામાનશાસ્ત્ર, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે સહિત ઘણા ક્ષેત્રોમાં કરારો પર હસ્તાક્ષર કરીને તેમના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવી રહ્યા છે. ભારતે માલદીવના માળખાકીય વિકાસ માટે 4 હજાર 850 કરોડ રૂપિયાની નવી ક્રેડિટ લાઇનની પણ જાહેરાત કરી છે. આ ઉપરાંત, બંને દેશોએ આર્થિક સંબંધો અને દ્વિપક્ષીય વેપારને મજબૂત બનાવવાના હેતુથી મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો શરૂ કરી છે .

બંને દેશોએ સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા સહયોગને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી મોદીએ પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરવા અને આતંકવાદ સામેની લડાઈમાં ભારત સાથે એકતા દર્શાવવા બદલ રાષ્ટ્રપતિ મુઇઝ્ઝુનો આભાર માન્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઈટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ગઈકાલે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ચાર માઓવાદીઓ માર્યા ગયા છે. મૃતકોના મૃતદેહ મળી આવ્યા છે. સુરક્ષા દળોએ ઘટનાસ્થળેથી સેલ્ફ-લોડિંગ રાઈફલ્સ સહિત મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે. જિલ્લાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં માઓવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ, સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમને સર્ચ ઓપરેશન માટે મોકલવામાં આવી હતી. ગઈકાલ સાંજથી સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર ચાલી રહ્યો છે.

## THAI-CAMBODIA CEASEFIRE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે કંબોડિયા અને થાઇલેન્ડના નેતાઓ યુદ્ધવિરામ પર ચર્ચા કરવા માટે તાત્કાલિક મળવા સંમત થયા છે.

શ્રી ટ્રમ્પે બંને દેશો વચ્ચે ત્રણ દિવસના સંઘર્ષ પછી શાંતિ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. થાઇલેન્ડના પ્રધાનમંત્રી ફુમથમ વેચાયચાઇએ શ્રી ટ્રમ્પનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે થાઇલેન્ડ સૈદ્ધાંતિક રીતે યુદ્ધવિરામ માટે સંમત થયું છે. પરંતુ તેઓ ઇચ્છે છે કે કંબોડિયા પણ આ જ ઇરાદા સાથે આગળ આવે. ટ્રમ્પે કહ્યું કે તેમણે

કંબોડિયાના અને થાઇલેન્ડના પ્રધાનમંત્રી સાથે વાત કરી છે અને તેમને ચેતવણી આપી છે કે જો સંઘર્ષ ચાલુ રહેશે, તો તેઓ કોઈપણ દેશ સાથે વેપાર કરાર કરશે નહીં. કંબોડિયા અને થાઇલેન્ડ વચ્ચે સંઘર્ષમાં 30 થી વધુ લોકો માર્યા ગયા છે અને 1.3 લાખ લોકો વિસ્થાપિત થયા છે.

# ARCHERY-GOLD

જર્મનીમાં ચાલી રહેલી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં, ભારતે ગઈકાલે એક સુવર્ણ અને બે રજત ચંદ્રક જીત્યા છે .

તીરંદાજીમાં સાહિલ જાધવે કમ્પાઉન્ડ પુરુષોની વ્યક્તિગત ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે પ્રણીત કૌરે મહિલા વ્યક્તિગત ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો.

બીજી તરફ, પુરુષોની ટ્રિપલ જમ્પમાં, પ્રવીણ ચિત્રાવલે 16.66 મીટરના કૂદકા સાથે રજત ચંદ્રક જીત્યો.

આ સાથે, ભારત બે સુવર્ણ , બે રજત અને એક કાંસ્ય સહિત પાંચ ચંદ્રક સાથે બીજા સ્થાને છે.

સાહિલે બ્રિટિશ તીરંદાજ અજય સ્કોટને 149-148 થી હરાવ્યો.જ્યારે પ્રણીત ફાઇનલમાં કોરિયાની મૂન યુન સામે 146-147 થી હારી જતાં તેને રજત ચંદ્રક થી સંતોષ માનવો પડ્યો

# CHESS

FIDE મહિલા ચેસ વિશ્વ કપની ફાઇનલમાં કોનેરુ હમ્પી અને દિવ્યા દેશમુખ વચ્ચેનો પહેલો મુકાબલો ડ્રોમાં સમાપ્ત થયો. જ્યોર્જિયાના બાટુમીમાં યોજાયેલી આ સ્પર્ધામાં ડ્રો પછી, બંને ખેલાડીઓને અડધા પોઈન્ટ મળ્યા. ફાઇનલનો બીજો મુકાબલો આજે રમાશે.

આ મેચ ભારતમાં મહિલા ચેસ માટે એક મોટી તક છે, જેમાં વિજેતા અને રનર-અપ બંને ભારતીય ખેલાડીઓ હશે.

# CRICKET

એન્ડરસન-તેંડુલકર ક્રિકેટ શ્રેણીની ચોથી ટેસ્ટ મેચના આજે છેલ્લા દિવસે ભારત બે વિકેટે ૧૭૪ રનથી પોતાનો બીજો દાવ આગળ રમશે. ઇંગ્લેન્ડે પ્રથમ દાવમાં ૬૬૯ રન બનાવ્યા હતા અને ભારત પર ૩૧૧ રનની લીડ મેળવી હતી. ભારત હજુ પણ ઇંગ્લેન્ડથી ૧૩૭ રન પાછળ છે.

ભારતે પોતાની પ્રથમ ઇનિંગમાં ૩૫૮ રન બનાવ્યા હતા. પાંચ મેચની આ શ્રેણીમાં ભારત ૨-૧થી પાછળ છે.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા**

1) આજના અખબારોમાં વિવિધ સમાચારો પ્રથમ પાને જોવા મળી રહ્યા છે.

2) તાજેતરમાં બ્રિટન સાથે ભારતના મુક્ત વેપાર કરાર અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને ટાંકીને સંદેશ લખે છે યુકે સાથે FTA, વિશ્વને ભારતમાં વિશ્વાસ: મોદી

3) દેશના મુખ્ય ન્યાયમૂર્તિ બી આર ગવઈના નિવેદનના સમાચારને હેડલાઈન બનાવતા ગુજરાત સમાચાર લખે છે કોર્ટો અને સરકાર બંનેમાં અમલદારશાહી :

4) પ્રધાનમંત્રીની માલદિવ્સ મુલાકાત અંગે નવગુજરાત સમય પ્રથમ પાને લખે છે PM મોદીની મુલાકાતથી માલદિવ્સમાં નવી ઉર્જાનો સંચાર

5) દિવ્ય ભાસ્કર પ્રથમ પાને લખે છે NCERT ધોરણ 3થી 12માં ઓપરેશન સિંદૂરનું ચેપ્ટર ભણાવવામાં આવશે.

6) ગુજરાત વડી અદાલતના આદેશ અંગેના સમાચારને છેલ્લા પાને સ્થાન આપતા દિવ્ય ભાસ્કર લખે છે બોર્ડમાં હવેથી પ્રજ્ઞાચક્ષુ અને સામાન્ય વિદ્યાર્થીઓ માટે સ્પષ્ટ સૂચના મૂકવી

7) ભારત ઈંગ્લેન્ડની ટેસ્ટ મેચ અંગેના સમાચારને પણ તમામ અખબારો રમતગમત પાનાં પર સ્થાન આપ્યું છે